



ગાંધીનગર સ્થિત જુના સચિવાલય બ્લોક નં. ૫ ખાતે આરોગ્ય વિભાગની કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે સર્વરોગ મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન જનરલ હોસ્પિટલ ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું. આ મેડીકલ કેમ્પનો લાભ અંદાજે ૪૬૫ જેટલા કર્મચારીઓએ લીધો હતો. જેમાં બ્લડ ગ્રુપ, બ્લડ પ્રેશર, બ્લડ શુગર, બીએમઆઈ ઈસીજી સહિતની તપાસ કરવામાં આવી હતી. આ પ્રસંગે આરોગ્ય કમિશન જે.પી. ગુપ્તા, ડૉ. મીના, ડૉ. શૈલેષ સુતરીયા, ડૉ. કમલેશ જશપરા, ડૉ. નિતેશ, હોસ્પિટલના આરએમઓ ડૉ. કલ્પેશ શાહ, ડૉ. દિનેશ બારોટ સહિત ડૉ. ચિંતન ગોંડલીયાની ટીમ હાજર રહી હતી.

# ઢાકા ખાતે રમાનાર આઈએચએફ હેન્ડબોલ ટ્રોફી માટે ગાંધીનગરના બે ખેલાડીનો સમાવેશ

**બોયઝ ટીમમાં સમાવિષ્ટ ગુજરાતના બે ખેલાડી ધ્રુવ પટેલ તથા અનિલ ખુડિયા બંને સાઈના ખેલાડી : ગર્લ્સ ટીમમાં ભુજની જીનલ ખેતાનીનો સમાવેશ : સાઈ ગાંધીનગરના શશિમોહન ધુમાલ ચીફ કોચ તરીકે ચાર કોચની પેનલમાં સામેલ : આજે દિલ્હીથી ટીમ ઢાકા જવા રવાના થશે**

ગાંધીનગર, તા. ૬

બાંગ્લાદેશના પાટનગર ઢાકા કાતે આગામી તા. ૯મી ઓક્ટોબરથી આઈએચએફ ઈન્ટરનેશનલ હેન્ડબોલ ટ્રોફી-૨૦૧૬નો પ્રારંભ થઈ રહ્યો છે. આ ટૂર્નામેન્ટ માટે ભારતીય ટીમ આવતીકાલે દિલ્હીથી રવાના થશે જેમાં બૉયઝ ટીમમાં બે અને ગર્લ્સ ટીમમાં આ કેમ્પના સમાપન બાદ ભારતીય ટીમોની પસંદગી કરાઈ હતી. જેમાં ગુજરાતના કુલ ત્રણ ખેલાડી પસંદગી પામ્યા છે. ટૂર્નામેન્ટમાં અન્ડર-૨૧ કેટેગરીમાં બૉયઝ ટીમ માટે સાઈ ગાંધીનગરના ધ્રુવ પટેલ તથા અનિલ ખુડિયાનો સમાવેશ કરાયો છે. જ્યારે અન્ડર-૨૦ ગર્લ્સ ટીમમાં ભુજની જીલન ખેતાનીનો સમાવેશ થયો છે.






એક એમ ગુજરાતના કુલ ત્રણ ખેલાડીનો સમાવેશ કરાયો છે. વળી, આ ટીમ સાથે ચાર નિષ્ણાંત કોચની પેનલ છે જેની અધ્યક્ષતા ગાંધીનગર સાઈ ખાતે હેન્ડબોલ કોચની ફરજ બજાવતા શશિમોહન ધુમાલ કરી રહ્યા છે.

ઈન્ટરનેશનલ હેન્ડબોલ ફેડરેશનની આઈએચએફ ટ્રોફી હેન્ડબૉલની રમતમાં સર્વોચ્ચ ટુર્નામેન્ટ ગણાય છે. આ સ્પર્ધા માટે ભારતીય ટીમનો કોચીંગ કેમ્પ તા. ૧૭મી સપ્ટેમ્બરથી તા. ૬ઠ્ઠી ઓક્ટોબર દરમ્યાન ગાંધીનગરના સાઈ સંકુલ ખાતે કોચ શશિમોહન ધુમાલની તાલીમ હેઠળ યોજાયો હતો. ધ્રુવ પટેલ તથા અનિલ ખુડિયાના કોચ શશિમોહન ધુમાલ છે જ્યારે જીનલ ખેતાનીના કોચ પ્રવિણકુમાર સીંઘ છે. ધ્રુવ પટેલ છેલ્લા ચાર વર્ષથી ગાંધીનગર સાંઈ ખાતે તાલીમ મેળવી રહ્યા છે અને તે કેરળ ખાતે રમાયેલ નેશનલ ગેમ્સમાં સિલ્વર મેડલ જીતી ચુક્યા છે. બંને ટીમો માટે શશિમોહન ધુમાલ ચીફ કોચ તરીકે જોડાયા છે. તેમજ કોચ અરૂણકુમાર અને ગર્લ્સ ટીમ માટે કોચ મનિષા અને દિનાકરણને પણ કોચ પેનલમાં સામેલ કરાયા છે. આજે બંને ટીમો તથા ચારેય કોચ ગાંધીનગરથી દિલ્હી જવા રવાના થયા હતા અને આવતીકાલે તેઓ દિલ્હીથી ઢાકા જવા રવાના થશે.

# રૂપાલની પલ્લીમેળાને અનુલક્ષી ભાવિકો માટે ૧૦ બસો દોડાવાશે

ગાંધીનગર તા ૬

રૂપાલ વરાદયિની માતાના પલ્લી મેળામાં લાખો ભાવિકો દર્શનનો લાભ લેશે નવરાતના નવમા દિવસે યાજાતા પલ્લી મેળામાં ભાવિકોને પુરતી વ્યવસ્થા મળી રહે તેવુ આયોજન વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે. જયારે ગાંધીનગર ડેપો દ્વારા પણ ગાંધીનગર થી રૂપાલ રૂટમાં ૧૦ જેટલી એસ ટી બસો દોડાવામાં આવશે.

પાંચ હજાર વર્ષ પુર્વે પાંડવો દ્વારા શરૂ કરાયેલી પલ્લીના દર્શન માટે રૂપાલમાં ભકતોનુ ઘોડાપુર ઉમટે છે. લાખો ભકતો પલ્લી દર્શનનો લાભ લે છે. જયારે ભાવિકોની મોટી સંખ્યાને ધ્યાને લઈ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં આવે છે. જેમાં સુરક્ષા વ્યવસ્થાને અનુલક્ષીને પણ ચુસ્ત બન્દોબસ્ત ગોઠવવામાં આવે છે. આગામી તા ૯ ઓકટોબરના રોજ યોજાનારા પલ્લી મેળાને અનુલક્ષીને પણ જરૂરી તમામ આયોજન કરી દેવાયુ છે. રૂપાલની પલ્લીમાં ૧૨ લાખ ભાવિકો દર્શનનો લાભ લે તેવી શકયતા છે. ત્યારે ભાવિકોને પુરતી વાહન વ્યવસ્થા પુરી પાડવા માટે પણ એસ ટી તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. ડેપા મેનેજરના જણાંવ્યા મુજબ રૂપાલની પલ્લીને અનુલક્ષી તા ૯ ઓકટોબરના રોજ સવારે ૧૦ વાગ્યાથી જ ખાસ બસ સેવા શરૂ કરી દેવાશે. રૂપાલ રૂટ માટે ૧૦ બસો દોડતી કરવામાં આવશે. બીજા દિવસ બપોર સુધી ભાવિકોને બસ સેવા મળી રહે તેનો પણ ખ્યાલ રાખવામાં આવશે. દરવર્ષે રૂપાલની પલ્લીમાં ભાવિકોને સરળ વાહનવ્યવસ્થા મળી રહે તે માટે બસ સેવનુ આયોજન કરવામાં આવ છે. જેના ભાગરૂપે આ વર્ષે પણ વિશેષ બસો દોડાવામાં આવશે.

# લાયન્સના નૌરતામાં ટીનેજર કલાકારોએ ધૂમ મચાવી

**લીડ ફિમેલ સિંગર ક્રિતિ રાવ માત્ર ૧૭ વર્ષની અને ઢોલ તથા ડ્રમ બંનેની જવાબદારી નિભાવનાર ધૈવત રાવ માત્ર ૭ વર્ષનો હતો**

ગાંધીનગર, તા. ૬

શહેરમાં નવરાત્રીના પાંચમા દિવસે સે. ૧૧માં લાયન્સ ક્લબના નૌરતા મહોત્સવમાં પાંચમા દિવસે નરેન્દ્ર રાવ એન્ડ ઓરકેસ્ટ્રાએ ભારે નરેન્દ્ર રાવ સાથે લીડ ફિમેલ સિંગર ક્રિતિ રાવ હતી જે માત્ર ૧૭ વર્ષની આયુ ધરાવે છે. ક્રિતિ રાવનું તાજેતરમાં જ રીલીઝ થયેલ આલ્બમ ''ખનકાર'' અત્યારે યુ- પોતે સંગીત વિશારદ છે અને સારા મ્યુઝિક કંપોઝર તથા ગાયક પણ છે. તેઓ ઉત્કૃષ્ઠ વાંસળી વાદક પણ છે. નરેન્દ્ર રાવના ઓરકેસ્ટ્રાને વર્ષ ૨૦૦૫માં વાયએમસીએ ક્લબનો




ધૂમ મચાવી હતી. આ ઓરકેસ્ટ્રામાં મોટા ભાગના ટીનએજર કલાકારો હોવા છતાં ખેલૈયાઓને ખૂબ જ મોજ પડવાથી સૌ કોઈ અચંબિત થઈ રહ્યા હતા.

લાયન્સ ક્લબ આયોજિત નૌરતા-૨૦૧૬માં પાંચમા દિવસે નરેન્દ્ર રાવની આગેવાની હેઠળની ટીમે ખેલૈયાઓને જલસો કરાવી દીધો હતો. આ ટીમમાં મુખ્ય ગાયક તરીકે ટ્યુબ પર ભારે ધૂમ મચાવી રહ્યું છે. વળી, આ સાથે સાજીંદાઓમાં માત્ર ૭ વર્ષના ધૈવત રાવે ડ્રમ તથા ઢોલ બંનેની જવાબદારી સુપેરે નિભાવતા પ્રેક્ષકો અને ખેલૈયાઓ અચંબિત થઈ જવા પામ્યા હતા. ક્રિતિ રાવને તો તાજેતરમાં નવી બે-ત્રણ ગુજરાતી ફિલ્મોમાં લીડ પ્લેબેક સિંગરની પણ ઓફર મળી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ટીમના લીડર નરેન્દ્ર રાવ બેસ્ટ ઓરકેસ્ટાનો એવોર્ડ પણ પ્રાપ્ત થઈ ચુક્યો છે. બુધવારે રાત્રે લાયન્સ નૌરતામાં ધૂમ મચાવનાર આ ટીમમાં આ સિવાય પણ નિશા, શિવાંગી અને માનસી જેવા યુવા કોરસ સિંગર્સ અને સની, હેલીશ, હેતુલ, સુરજિત, કૌશિક, દિનેશ રજની, કિશન, કુલદિપ, સચીન મયંક અને શૈલેષ જેવા યુવા સાજીંદાઓએ પણ રંગ જમાવ્યો હતો.

# બોરીસણામાં બાળકોને ગાલ પચોળિયાના કેસો મળ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના બોરીસણા અને શક્તિપુરા ખાતે બાળકોમાં ગાલ પચોલિયાના કેસો થયાનું જણાતાં આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એક બાળકને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જ્યારે સાત જેટલા બાળકોને આઉટડોર દર્દી તરીકે સારવાર આપવામાં આવી છે. વાઈરલ ગણાતો આ રોગ નાના-બાળકોમાં વધારે પ્રમાણમાં થતાં હોવાથી તંત્ર દ્વારા આ અંગેનું જાગૃતિ અભિયાન છેડવાની વ્યુહરચના તૈયાર કરવામાં આવી રહી છે.

# ઈન્દિરા ગાંધીની જન્મ જયંતિની ઉજવણી હેઠળ વિવિધ કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૬

દેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વ. ઈન્દિરા ગાંધીની ૧૦૦મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. ઉજવણી અંતર્ગત મહિલા સશક્તિકરણ અને સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમોના આયોજન સંદર્ભે રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે મહિલા કોંગ્રેસના ઉત્તર ગુજરાતના પ્રમુખો, પ્રભારીઓ અને ધારાસભ્ય કામિનીબા રાઠોડ સાથે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલે મીટીંગનું આયોજન કર્યુ હતુ. ઈન્દિરાજીની ૧૦૦મી જન્મ જયંતીની ઉજવણી ૧૯ ઓક્ટોબરથી શરૂ થનાર છે ત્યારે ૧૭મી ઓક્ટોબરે 'પ્રિયદર્શીની તુઝે સલામ' મહિલા સશક્તિકરણ સંમેલન ગાંધીનગર માણસા ખાતે યોજાશે. કોલેજની વિદ્યાર્થિનીઓની સાથે સંવાદનો કાર્યક્રમ 'પ્રિયદર્શીની બાતચિત' પાટણ ખાતે તા. ૧૮ ઓક્ટોબરે યોજાશે. જેમાં ઓલ ઈન્ડિયા મહિલા કોંગ્રેસના પ્રમુખ શોભા ઓઝા, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે.

# વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા ૧૧ ટકા અનામત આપવા જિલ્લા કલેકટરને આવેદનપત્ર

**દેવીપૂજક સમાજ આગેવાનો દ્વારા સ્પેશ્યલ એસસી સુવિધાવાળું અનામત આપવા રાજયના તમામ જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રરત**

ગાંધીનગર, તા.૬

વિરાટ દેવીપૂજક સંઘ તેમજ વિચરતી વિમુકત ૪૦ જાતિઓને બક્ષીપંચની ૨૭ ટકા અનામતમાંથી ૧૧ ટકા સ્પેશ્યલ એસસી સુવિધાવાળુ અનામત આપવાની રજુઆત સાથેનું આવેદનપત્ર આજે ગાંધીનગર જિલ્લા કલેકટરને



દેવીપૂજક સમાજના આગેવાન રૂપસંગભાઈ ભરભીડીયા તેમજ આગેવાનોએ સુપ્રરત કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટરે તેઓની રજુઆત ધ્યાનથી સાંભળી દેવીપૂજકના આગેવાનોને સમાજનું ભવન બનાવવા જગ્યા તેમજ આધારકાર્ડ માટેના કેમ્પ સહિત અભ્યાસુ યુવાવર્ગ માટે સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસ માટેની મદદની તૈયારી દર્શાવતા દેવીપૂજક સમાજના આગેવાનોમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી હતી.

દેવીપૂજક સમાજ તેમજ વિચરતી વિમુકત ૪૦ જાતિઓને બક્ષીપંચના ૨૭ ટકા અનામતમાંથી ૧૧ ટકા અનામત સ્પેશ્યલ એસસી સુવિધાવાળુ આપવાની રજુઆત કરવા વિરાટ દેવીપૂજક સંઘના પ્રમુખ રૂપસંઘભાઈ ભરભીડીયા તેમજ તાલુકાના આગેવાનો સહિત મોટીસંખ્યામાં કાર્યકરો ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે સવારે ૧૨ કલાકે આવી પહોંચ્યા હતા. વિરાટ દેવીપૂજક સંઘના નેજા હેઠળ ૧૧ ટકા અનામત આપવાની માંગ સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રરત કર્યું હતુ અને યોગ્ય કરવા રજુઆત કરી હતી. આ પ્રસંગે દેવીપૂજક સમાજના આગેવાનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. જયારે જિલ્લા કલેકટરે તેઓની રજુઆત ધ્યાનથી સાંભળીને શકય તેટલી મદદ કરવા હૈયાધારણા આપી હતી. જયારે સમાજના ભવન માટે જગ્યા, આધારકાર્ડ માટે કેમ્પ, ગ્રેજયુએટ યુવાનો માટે સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસ માટે મદદ, તેમજ સરકારની વિવિધ યોજનાઓનો લાભ પણ આ સમાજોને મળે તે માટે તમામ સહકારની ખાત્રી આપતા દેવીપૂજક સમાજ તેમજ વિચરતી વિમુકત જાતિઓના આગેવાનોમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ હતી. જયારે વિરાટ દેવીપૂજક સંઘના નેજા હેઠળ રાજયના તમામ જિલ્લામાં આજે એક સાથે આવેદનપત્ર આપી સ્પેશ્યલ અનામત આપવા અંગે રજુઆત કરવામાં આવી હતી.

# ચિલોડા વિસ્તારમાં આસો માસમાં અષાઢી માહોલ : ખેડૂતો ચિંતાતુર

**ડાંગર, કપાસ, મગફળીના પાકોને નુકસાનની દહેશત ખેડૂતોના જીવ પડીકે બંધાયા**

તાલુકાના ચિલોડા પંથકમાં ગોરંભાયેલા વરસાદી વાદળો મેઘરાજાની પધરામણીથી તૈયાર મહામુલો ખરીફ પાક મોંમા આવેલો કોળિયો ઝુંટવાઈ જવાની નોબતથી ખેડૂતઆલમ ચિંતાતુર બન્યો છે. ભાદરવો કોરો ધાક્કોર બાદ આસો સુદ એકમથી સતત વરસાદી માહોલથી ખેડૂતોના હૈયા ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આકાશી મેઘગર્જના પાછોતરા વરસાદથી મગફળી, ડાંગર અને કપાસની પહેલી વીણીને વરસાદી પાણીથી ભેજ લાગતા પાકોને નુકસાન થવા પામ્યુ છે. અમુક ગામમાં મગફળી કાઢવાની કામગીરીથી ખેતરોમાં ઢગલા મંડાયા છે. ખેડૂતોમાં હજુ છેલ્લા ચાર પાંચ દિવસથી મોડી રાત્રે વરસાદ વરસતા ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે. વરસાદ આગાહીથી ખેડૂતોનો પાકને નુકશાન થવાની ભીતિથી પાછોતર વરસાદના ઝાપટા, હળવો કે મધ્યમ વરસાદથી ફાયદા કરતાં નુકશાન વધુ થાય તેવી કુદરતી પ્રકોપ સામે ખેડૂતો એક સાંધતા તેર તુટે તેવી સ્થિતિથી ચિંતાજનક ગણી શકાય.

# બિહોલા સોમવારે હોદ્દો સંભાળશે

ગાંધીનગર, તા. ૬

કોર્પોરેશન વિપક્ષના નેતા તરીકે વરાયેલા શૈલેન્દ્રસિંહ બિહોલા ૧૦મી ઓક્ટો.ને સોમવારે સવારે ૧૦.૩૦ કલાકે પોતાના હોદ્દાનો ચાર્જ સંભાળશે.

ચાર મહિનાના લાંબાગાળા બાદ કોંગ્રેસ પક્ષે પક્ષના નેતા તરીકે શૈલેન્દ્રસિંહ બિહોલાની પુનઃ નિયુક્તી કરી છે. બિહોલા મનપામાં સૌથી વધુ મતની સરસાઈ સાથે તેમના વોર્ડમાંથી આખી પેનલ સાથે વિજયી જાહેર થયા હતા જે ઉલ્લેખનીય છે.

બિહોલા તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળે ત્યારે જિલ્લા કોંગ્રેસ, શહેર કોંગ્રેસ પ્રદેશ કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહેશે. આ સમયે પક્ષના નિરીક્ષકો પણ હાજર રહેનાર છે. ગઈકાલે જ બિહોલાની વિધિવત્ નીમણુંક અંગેની જાહેરાત કરવામાં આવી છે તે પણ ઉલ્લેખનીય છે.

## કંપની સમાચાર

### કેડિલા ફાર્માસ્યુટિકલ્સની શૈક્ષણિક પહેલ ઇન્દ્રશીલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીએ 'લાઈફ સાયન્સિઝ ફિનિશિંગ સ્કૂલ દ્વારા લાઈફ સાયન્સિઝ અને ફાર્માસ્યુટિકલ સાયન્સિઝ પર સ્કીલિંગ પ્રોગ્રામ શરૂ કર્યો

કેડિલા ફાર્માસ્યુટિકલ લિમિટેડની શૈક્ષણિક પહેલ ઈન્દ્રશીલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (આઈઆઈએસટી)એ ગુજરાતમાં તેના કડી સંકુલમાં 'લાઈફ સાયન્સિઝ ફિનિસિંગ સ્કૂલ' શરૂ કરી છે. આ ફિનિશિંગ સ્કૂલ બે ટુંકા ગાળાના કોર્સ-સર્ટિફિકેટ કોર્સીઝ ઈન ઈન્ડસ્ટ્રીયલ માઈક્રોબાયોલોજી, ક્વોલિટી એસ્યોરન્સ અને ક્વોલિટી કન્ટ્રોલ પુરા પાડશે જેથી ઉદ્યોગ માટે તૈયાર સ્નાતકોનું સર્જન થઈ શકે અને બાયોટેકનોલોજી તથા ફાર્માસ્યુટિકલ્સ ઉદ્યોગોમાં રોજગારીની તકો ઉભી કરવામાં મદદ મળી શકે. આ પહેલ ભારત સરકારની સ્કિલ ઈન્ડિયા પહેલ અંતર્ગત શરૂ કરાયેલી છે. આ ફિનિશિંગ સ્કૂલ એક સ્ટાર્ટ-અપ વેન્ચર છે, જેને ગુજરાત સીએસઆર ઓથોરિટી અને ગુજરાત યુનિવર્સિટીનો ટેકો પ્રાપ્ત છે. લાઈફ સાયન્સિઝ ઉદ્યોગમાં રહેલા પડકારોને પહોંચી વળવા યોગ્ય પ્રકારના કૌશલ્ય સાથે નોકરી માટે તૈયાર નવા સ્નાતકો તૈયાર કરવા માટે ટ્રેનિંગ, રેગ્યુલેટરી કમ્પ્લાયન્સ તથા જ્ઞાન જેવી અત્યંત જરૂરી પ્રેક્ટિકલ બાબતો સાથે આ કોર્સીઝમાં રચના કરાયેલી છે.

હૈદ્રાબાદ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ ટેકનોલોજીના ભૂતપૂર્વ નિયામક પ્રોફેસર જે.એસ. યાદવે 'લાઈફ સાયન્સિઝ ફિનિશિંગ સ્કૂલ'નું ઉદ્ઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે ગુજરાત સીએસઆર ઓથોરિટીના મહેશ્વર સાહુ તથા ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રોફેસર હિમાંશુ પંડ્યા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આઈઆઈએસટીના ડિરેક્ટર જનરલ કર્નલ ડૉ. રાકેશ શર્માએ જણાવ્યું હતું કે 'લાઈફ સાયન્સિઝ ફિનિશિંગ સ્કૂલ ઔપચારિક શિક્ષણની જગ્યા લેવાના બદલે તેની પૂર્તતા કરે તેવા ધ્યેય સાથે પૂરક શિક્ષણ તથા તાલીમ રૂપરેખા દ્વારા પ્રતિભાશાળી લોકોની રોજગારક્ષમતા વધારવાનું લક્ષ્ય ધરાવે છે. બન્ને કોર્સની રચના ત્રણ મહિનાની શૈક્ષણિક (લેક્ચર અને પ્રેક્ટિકલ) તથા ઔદ્યોગિક સંકુલોમાં એક મહિનાની તાલીમ મળે એ રીતે કરાયેલી છે. સમગ્ર તાલીમ કાર્યક્રમ રાજ્યમાં ઉદ્યોગ અને શિક્ષણવિદોની તાલીમબદ્ધ ફેકલ્ટીઝ દ્વારા હાથ ધરવામાં આવશે.

## સુરક્ષા વધારાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શખ્સો ગુજરાત દરિયા પર પહોંચી શકે છે. આ ઈનપુટમાં વધુમાં જણાવાયું છે કે બે બોટ પણ આંતરરાષ્ટ્રીય મેરીટાઈમ બાઉન્ડ્રી લાઈનની નજીક પહોંચી છે અને આ લોકો ભારતીય દરિયામાં ઘુસણખોરી કરી શકે છે.

ટોપ ઈન્ટેલિજન્સ અધિકારીઓનું કહેવું છે કે આ માહિતી મળ્યા બાદા સમગ્ર દરિયાઈ પટ્ટામાં સુરક્ષા વધારવામાં આવી છે, સાથે સાથે કોસ્ટગાર્ડ, નેવી, મરિન પોલીસને પણ હાઈએલર્ટ ઉપર મુકી દેવામાં આવ્યા છે. માછીમારોને પણ કેટલીક સૂચના આપવામાં આવી છે. ગુજરાત એટીએસ દ્વારા હાલમાં જૈશના શખ્સ હસનની ધરપકડ કરી હતી. બિહારમાં ઔરંગાબાદથી તેની ધરપકડ કરાઈ હતી. એક અગ્રણી અંગ્રેજી અખભારમાં આ અહેવાલ બાદુ સુરક્ષા સંસ્થાઓમાં પણ તકેદારી વધી ગઈ છે. સુરક્ષા મજબુત કરી દેવાઈ છે.

## ફરી હુમલો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

દવાઓ પણ મળી આવી છે. જેમના પર મેડ ઈન પાકિસ્તાન લખવામાં આવ્યું છે. કુપવારા જિલ્લામાં લાંગેટ સ્થિત સેનાના કેમ્પ ઉપર આ હુમલો થયો હતો. હુમલો હેન્ડવારા સ્થિત ૩૦ રાષ્ટ્રીય રાયફલના કેમ્પ ઉપર કરાયો હતો. ત્રણેય ત્રાસવાદીઓને કેમ્પની બહાર જ ફૂંકી મારવામાં આવ્યા હતા. પાકિસ્તાન સ્થિત કાશ્મીરમાં સર્જિકલ સ્ટ્રાઈક બાદ ફફડી ગયેલા ત્રાસવાદી ભારતમાં ઘુસણખોરીના પ્રયાસ કરી રહ્યા છે. ભારતીય સેનાએ ગઈકાલે મોડી રાત્રે પણ ત્રણ ત્રાસવાદીઓના ઘુસણખોરીના પ્રયાસો નિષ્ફળ કર્યા હતા. નવગામ અને રામપુરમાં ઘુસણખોરીના પ્રયાસ કર્યા હતા.ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલમાં વિસ્ફોટક સ્થિતી છે ત્યારે ગોળીબાર કરવામાં આવ્યો છે. ત્રાસવાદીઓ સેનાના વસ્ત્રોમાં આવ્યા હતા. સેના દ્વારા ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધી બાદ હાલમા સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. ભારતે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં (પોક)માં ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરવા સર્જીકલ હુમલા કર્યા બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો વિસ્ફોટક સ્તરે પહોંચી ગયા છે. સ્થિતિ તંગ બનેલી છે ત્યારે પાકિસ્તાને યુદ્ધની તૈયારી હાથ ધરી હોવાના સંકેત મળી રહ્યા છે. કારણ કે પાકિસ્તાને આઠમી ઓક્ટોબરના દિવસથી કરાચી અને લાહોરની ઉપર એરસ્પેસને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. આ શહેરોની ઉપર એરસ્પેસ ૧૩ દિવસ સુધી બંધ રહેશે. બીજી બાજુ ગઈકાલે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. આ બેઠકમાં અંકુશ રેખા પાર કરીને પોકમાં કરવામાં આવેલા સર્જીકલ હુમલા બાદ ઉભી થયેલી સ્થિતિ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આજે યોજાયેલી સીસીએસની બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્યોને ઓછામાં ઓછા ૧૨ અન્ય ત્રાસવાદી કેમ્પ હાલમાં હોવા અંગે માહિતી આપી હતી.

## સેટેલાઈટ લોન્ચ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. ઈસરોના કહેવા મુજબ ૪૮ ટ્રાન્સપોન્ડરની સાથે જીસેટ-૧૮ દેશના સૌથી આધુનિક ઉપગ્રહ પૈકી એક છે. જે સંચાર સંકેતને પ્રાપ્ત કરીને તેને મોકલી શકે છે. આનુ વજન ૩૪૦૪ કિલોગ્રામ છે. આ સેટેલાઈટ પરિભ્રમણ કક્ષામાં ૧૫ વર્ષ સુધી કામ કરવામાં સક્ષમ છે. એરિયન સ્પેસે આ વર્ષે આઠ લોંચ કર્યા છે. ભારતીય સંચાર સેટેલાઈટની સાથે સાથે આ રોકેટ એરિયન-૫ ઓસ્ટ્રેલિયાના સ્કાઈ મસ્ટરને પણ લઈને રવાના થયુ હતુ. એરિયન સ્પેશના કહેવા મુજબ ઈસરો દ્વારા લોંચ જીસેટ-૧૮ ઈસરોના ૨૦માં ઉપગ્રહ તરીકે છે. એરિયન સ્પેસ લોંચર ફેમિલી માટે ૨૮૦માં મિશનને હાથ ધરીને તેની પણ કુશળતા સાબિત કરી હતી. તેના કરતા વધારે વજન ધરાવતા ઉપગ્રહને લઈ જવા માટે ઈસરો હાલમાં એરિયન-૫ રોકેટ પર આધારિત છે. ઈસરો દ્વારા આના માટે જીએસએલવી એમકે તૈયાર કરવામાં વ્યસ્ત છે. વર્ષ ૧૯૮૧માં એપલ સેટેલાઈટને લોંચ કરવામાં આવ્યા બાદથી એરિયન સ્પેસ દ્વારા ૧૯ ભારતીય સેટેલાઈટ પરિભ્રમણ કક્ષામાં ગોઠવ્યા છે. ઈસરોએ તાજેતરના સમયમાં એકપછી એક સિદ્ધી મેળવીને તેની કુશળતા વિશ્વમાં સાબિત કરી છે. ૩૪૦૪ કિલોગ્રામના જી-૧૮માં ૧૮ કોમ્યુનિકેશ ટ્રાન્સપોન્ડરો સી બેન્ડમાં રહેલા છે. દેશમાં અતિ મહત્વપૂર્ણ સેવા ઉપલબ્ધ કરાવવામાં સી-બેન્ડ અને કેયુ બેન્ડ ઉપયોગી સાબિત થશે.

હસનમાં ઈશરોના માસ્ટર કંટ્રોલ ફેસેલિટી ખાતે તમામ સુવિધાઓ આજે જોવા મળી હતી. લોન્ચ વ્હિકલથી તેને અલગ કરી દેવામાં આવ્યા બાદ જીસેટ-૧૮ ઉપર તરત જ કર્ણાટકમાં માસ્ટર કંટ્રોલ ફેસેલીટીએ કમાન્ડ મેળવી લીધો હતો. સેટેલાઈટમાંથી પુરાવા પણ મળવા લાગી ગયા છે. આગામી દિવસોમાં ઓર્બિટ રાઉઝીંગ મેન્યુઅર્સને લઈને વિગતો મળતી થઈ જશે. જીસેટ-૧૮ મારફતે અન્ય મહત્વની માહિતી મળતી રહેશે. પરિભ્રમણ કક્ષામાં તમામ પ્રક્રિયાને પુરી કરી લેવામાં આવ્યા બાદ જીસેટ-૧૮ ઓપરેશનલ ઉપયોગ માટે તૈયાર થઈ જશે. યુરોપિયન સ્પેશ સંસ્થા દ્વારા ઈશરોના ૨૦માં સેટેલાઈટ તરીકે જીસેટને લોન્ચ કરવાની સિદ્ધિ મેળવવામાં આવી છે.